**ફો.કે.નં.૧૩/૨૦૨૦.**

**આંક-૧૮ ની અરજી લગત હુકમ.**

(૧) આરોપી નં.૩ દિપકભાઈ ઈન્દુલાલ ઠકકર ના વિ.વ.શ્રી પી.જે.અધ્યિારુ ધ્વારા હાલની અરજી ક્રિ.પ્રો.કો.કલમ–૨૩૯ અન્વયે અદાલતમાં લેખિત દલીલો સાથે રજુ કરીને માનસહ રજુઆત કરેલ છે કે, ઉકત આરોપી સામે હાલના કેસની એફ.આઈ.આર. તેમજ ચાર્જશીટ સાથેના રજુ કરેલ દસ્તાવેજો વંચાણે લેવામાં આવે તો ચાર્જ ફ્રેમ કરવા પુરતો પુરાવો પ્રથમ દર્શનીય જણાય આવતો ન હોય આરોપીને બિન તહોમત છોડી મુકવા સારૂ અરજ ગુજારેલ છે.

(૧.૧) વધુમાં માનસહ દલીલ કરતા રજુઆત કરેલ છે કે, ચાર્જશીટ વંચાણે લેવામાં આવે તો હાલના આરોપીને સદર ગુનાથી જોડતો કોઇ પુરાવો ફલીત થતો નથી. અને રજુઆત કરેલ છે કે, આરોપી નિર્દોષ છે અને તેમને ખોટી રીતે સદર ગુનાના કામે આરોપી તરીકે ચાર્જશીટમાં બતાવવામાં આવેલ છે.

(૧.૨) વધુમાં રજુઆત કરેલ છે કે, હાલનો ગુનો ઈ.પી.કો.કલમ–૧૨૦(બી), ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ અને ૩૪ થા મનરેગા એકટ ૨૦૦૫ની કલમ–૧૬(૧),૧૮ મુજબનો સુત્રાપાડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી નં.૬૨/૧૬ થી તા.૨૫–૭–૨૦૧૬ ના રોજ નોંધાયેલ છે અને હાલના ગુનાના કામે ઉકત કલમો વંચાણે લેવામાં આવે તો ત.ક.અમલદાર ધ્વારા ચાર્જશીટ સાથે રજુ કરવામાં આવેલ દસ્તાવેજોમાં તેના આવશ્યક તત્વોનો અભાવ જણાતો હોય, સદર ગુનાનુ સજ્ઞાન લઈ શકાય તેમ ન હોય આરોપીઓને બીન તહોમત છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૧.૩) વધુમાં રજુઆત કરેલ છે કે, આરોપી નં.૩ નાઓનો સદર કહેવાતા ગુનામાં કોઈ સ્પેસેફીક રોલ ન હોવા છતાં આરોપીને ખોટી રીતે ગુનામાં ધરપકડ કરી તેમની વિરૂધ્ધમાં ચાર્જશીટ દાખલ કરેલ હોય, આરોપીને બિનતહોમત છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૨) વિ.એ.પી.પી.શ્રી ધ્વારા દલીલ કરવામાં આવેલ છેકે, આરોપી વિરૂધ્ધમાં પુરતો પુરાવો હોય ત.ક.અ. ધ્વારા ચાર્જશીટ કરવામાં આવેલ છે અને વધુમાં દલીલ કરતા જણાંવે છે કે, ફરીયાદી ધ્વારા તેમની ફરીયાદમાં આરોપીની સામે સ્પેસેફિક આક્ષેપ કરેલા હોય, હાલના કેસમાં અરજીમાં જણાંવેલ આરોપીને બીન તહોમત ન છોડવા સારૂ રજુઆત કરેલ છે.

(૩) રેકર્ડ વંચાણે લીધુ,અરજી વંચાણે લીધી, આરોપીના વિ.વ.શ્રીને તથા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

(૪) સદર અરજીનું ન્યાયીક નિર્ણય કરતા પહેલા ક્રિ.પ્રો.કો.ની કલમ–૨૩૯ વંચાણે લેવી વ્યાજબી જણાંતી હોય જે નીચે મુજબ છે,–

**Section 239 in The Code Of Criminal Procedure, 1973**

239. When accused shall be discharged. If, upon considering the police report and the documents sent with it under section 173 and making such examination, if any, of the accused as the Magistrate thinks necessary and after giving the prosecution and the accused an opportunity of being heard, the Magistrate considers the charge against the accused to be groundless, he shall discharge the accused, and record his reasons for so doing.

આમ ક્રિ.પ્રો.કો,કલમ-૨૩૯ વંચાણે લેતા પ્રથમ દર્શનીય ફલીત થાય છે કે, પોલીસ રીપોર્ટ તેમજ તેની સાથે રજુ કરવામાં આવેલ દસ્તાવેજો (ચાર્જશીટ) વંચાણે લેતા જો આરોપી વિરૂધ્ધ ચાર્જફ્રેમ કરવા પુરતો પ્રથમ દર્શનીય પુરાવો જણાય આવતો ન હોય અગર તો પ્રથમ દર્શનીય આરોપી સામે કેસ જણાઈ આવતો ન હોય તો, આરોપીને અદાલત બંન્ને પક્ષો ને સાંભળીને કારણો આપીને બીન તહોમત છોડી શકે.

(૫) હાલના કેસમાં એફ.આઈ.આર.વંચાણે લેવામાં આવે તો તેમાં ફરીયાદી

અશોકભાઈ દેવશીભાઈ કણસાગરાનાઓ ધ્વારા એવો આક્ષેપ કરવામાં આવેલ છે કે, આરોપી નં.૧ ધીરજભાઈ લાધાભાઈ ચુડાસમાંનાએ મનરેગા યોજના હેઠળ ચેકડેમ તથા વનતલાવડીના કામો નહી કરી તેના ફાળવેલ નાણા રૂા.૧૮,૬૮,૦૦૦/– આરોપી નં.ર આર.વી.ટ્રેડર્સ. કંપની તથા આરોપી નં.૩ ડી.આઈ.ઠકકરના સાથે મીલાપીપણુ કરી ખોટા બીલ વાઉચરો બનાવી નાણાની ઉચાપત કરી તેમજ સરકારશ્રી સાથે વિશ્વાસઘાત, ઠગાઈ કરેલ હોવાનો આક્ષેપ છે.

(પ.૧) આમ, ફરીયાદમાં કરવામાં આવેલ આક્ષેપો વંચાણે લેતા પ્રથમદર્શનીય ફલિત થાય છે કે, આરોપી નં.૩ નાઓની સામે સ્પેસેફિક આક્ષેપો કરવામાં આવેલ છે તેમજ ચાર્જશીટ સાથે રજુ કરવામાં આવેલ દસ્તાવેજો પ્રથમદર્શનીય વંચાણે લેતા તેવુ ફલિત થતુ નથી કે આરોપી નં.૩ નાઓની સામે ચાર્જફ્રેમ કરવા પુરતો પણ પુરાવો નથી. જેથી આરોપી નં.૩ ના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ દલીલ કે આરોપી નં.૩ નાઓનો સદર ગુનામાં કોઈ રોલ કે સંડોવણી ન હોવા છતાં ખોટી રીતે અટક કરી તેમની વિરૂધ્ધમાં ચાર્જશીટ કરવામાં આવેલ હોવાની દલીલ હાલના તબકકે ગ્રાહય રાખી શકાય નહી. વધુમાં આરોપીના વિ.વ.શ્રી ધ્વારા લેખિતમાં જે દલીલો કરવામાં આવેલ છે તે દલીલો ચાર્જશીટ સાથે રજુ થયેલ દસ્તાવેજો સાથે વંચાણે લેતા હાલના તબકકે ગ્રાહય રાખવા પાત્ર જણાતી નથી.

એ.પી.પી.શ્રી ધ્વારા હાલની અરજી ગુનાની ચાર્જશીટ કર્યા બાદ લાંબા સમય પછી આપવામાં આવેલ હોવાની રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતી નથી, કારણ કે ડીસ્ચાર્જ અરજી આરોપી ધ્વારા ગુનામાં ચાર્જફ્રેમ કરતા પહેલા ગમે તે સમયે આપી શકે છે અને અરજી આપવા માટેની કોઇ સમય મર્યાદા અંગેની જોગવાઇ ક્રિ.પ્રો.કો.માં કરવામાં આવેલ નથી જેથી વિ.એ.પી.પી.શ્રીની સદર દલીલ પણ ગ્રાહય રાખી શકાય તેમ નથી.અત્રેની અદાલત દ્વારા ના.સુપ્રીમ કોર્ટ નો Omkarnath Misra & others Ver.State (NCT Delhi & another 2008 (8) SCC 561. U/Secs.498(A),406r/w34 IPC ચુકાદો વંચાણે લેવામાં આવેલ છે.જેમાં જણાવેલ છે કે ,"the Court is not expected to go deep of the probative value of the material on record what needs to be considered is whether a ground for

presuming that the alleged offence has been committed. The existance of factual ingredients constituting the offence to frame the charge."

વધુમાં એ.પી.પી.શ્રી ધ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, આરોપી સામે ચાર્જફ્રેમ કરવા પુરતો પુરાવો પ્રથમ દર્શનીય જણાય આવતો હોય અને પ્રથમ દર્શનીય આરોપી સામે કેસ જણાઈ આવતો હોય, આરોપીના વિ.વ.શ્રી ધ્વારા આપવામાં આવેલ ક્રિ.પ્રો.કો.કલમ-૨૩૯ અન્વયેની અરજી નામંજુર કરવા સબબની રજુઆત સાથે અત્રેની અદાલત સહમત થાય છે.

(૬) આમ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ આંક-૧૮ ની અરજી અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ન્યાયના હિતમાં કરવામાં આવે છે.

## આખરી હુકમ

આંક-૧૮ ની અરજી આરોપી નં.૩ દિપકભાઈ ઈન્દુલાલ ઠકકર નાઓના વિ.વ.શ્રી ધ્વારા આપવામાં આવેલ છે તે આથી **રદ યાને નામંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા.: ૨૧/૦૭/૨૦૨૩
સ્થળ : સુત્રાપાડા

સહી/-
(આર.એમ.ચાવડા)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.કલાસ
સુત્રાપાડા
કોડ નં.જીજે-૦૧૫૨૪